| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | : | ૨૫/૦૩/૨૦૨૫ | | |
| દાખલ તારીખ | : | ૨૫/૦૩/૨૦૨૫ | | |
| ફૈંસલ તારીખ | : | ૦૨/૦૪/૨૦૨૬ | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૧ | ૦૦ | ૦૮ |

# મે. જંબુસરના એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં. મુ. જંબુસર.

**ફોજદારી કેસ નંબર :૪૦૦/૨૦૨૫**
**આંક :– ૨૨**

**ફરીયાદી :** શ્રી સરકાર,
વેડચ પોલીસ સ્ટેશન,
તા. જંબુસર, જિ. ભરૂચ.

**વિરુધ્ધ.**

**આરોપી :** રમેશભાઈ છત્રસિંહ રાઉલજી,
ઉ. વ. ૪૩, ધંધો – ખેતી,
રહે. સારોદ દરબાદ ટેકરો, તા. જંબુસર, જિ. ભરૂચ.

**ગુન્હો: બી.એન.એસ.ની કલમ–૨૮૧,૧૨૫(એ),૧૨૫(બી) તથા એમ.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૮૭(આર/ડબલ્યુ), ૧૩૪ મુજબ**

| | |
|---|---|
| // ફરીયાદી તરફે વિ. એ.પી.પી..................શ્રી વી.આર.પંચાલ // | |
| // આરોપી તરફે વિ.વ...........................શ્રી જે.એ.મિસ્ત્રી // | |

**:: જજમેન્ટ ::**

## (૧) ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકિકત :–

ફરીયાદપક્ષની કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, ગઈ તા. ૧૩/૧૨/૨૦૨૪ ના રોજ આ કામના ફરીયાદી તથા સાહેદ નરસિંહભાઈ મો.સા. નં. જીજે–૧૬–સીએફ–૩૪૫૧ ની લઈ અમનપુર થી જંબુસર જતા હતા તે વખતે અમનપુર થી ધોળી પરબ રોડ ઉપર ઓએનજીસી ના પોઈન્ટ સામે રોડ ઉપર સાંજના આશરે કલાક ૧૯:૦૦ વાગ્યાના અરસામાં ધોળી પરબ તરફથી આવતા આઈસર ગાડી જેનો આર.ટી.ઓ. રજિ.નં. જીજે–૧૬–એવી–૧૧૩૩ ના ચાલક રમેશભાઈ છત્રસિંહ રાઉલજીનાએ પોતાના કબજામાંની આઈસર ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી આ કામના સાહેદની મોટર સાયકલ જેનો આર.ટી.ઓ. રજિ. નં. જીજે–૧૬–સીએફ–૩૪૫૧ નુ સ્ટીરીંગને અડફેટમાં લઈ મોટર સાયકલનુ કાબુ ગુમાવી આઈશર ગાડીના પાછળના ટાયર સાથે અડફેટમાં લઈ આ કામના ફરીયાદી તથા મોટર સાયકલના ચાલક સાહેદને નીચે પાડી દઈ ફરીયાદને ડાબા ખભે ફ્રેકચર કરી તથા મોટર સાયકલના ચાલક સાહેદ નરસિંહભાઈને જમણા પગે ઘુંટણ ભાગે તથા નળાના ભાગે તથા પંજાના ભાગે ફ્રેકચર કરી શરીરે નાની મોટી ઈજાઓ કરી, પોતાના આઈશર ગાડી લઈ નાશી જઈ, જેથી આરોપીએ બી.એન.એસ.ની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૮૭(આર/ડબલ્યુ), ૧૩૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કર્યાનો આરોપ છે.

## (૨) પોલીસ કાર્યવાહી :–

આમ, ઉપરોકત હકિકત મુજબની ફરીયાદ ફરીયાદીએ જંબુસર પો. સ્ટે. માં દાખલ કરતાં વેડચ પો. સ્ટે. ગુ. ર. ૧૧૧૯૯૦૫૧૨૪૦૫૩૪/૨૦૨૪ થી બી.એન.એસ.ની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪, ૧૮૭(આર/ડબલ્યુ), ૧૩૪ મુજબનો ગુનો દાખલ કરેલ, જે ફરીયાદના કામે તપાસ કરનાર અમલદારશ્રીએ આરોપી વિરુધ્ધની વેડચ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ગુનાની

સંપૂર્ણ તપાસ કરી, લાગતા વળગતા સાહેદોનાં નિવેદનો મેળવીને તપાસના અંતે આ કામના આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા મળી આવતા બી.એન.એસ.ની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૮૭ (આર/ડબલ્યુ), ૧૩૪ મુજબનાં ગુનાની ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરેલ છે.

## (૩) કોર્ટ કાર્યવાહી :–

આ કામે ત. ક. અધિકારીશ્રી દવારા આરોપી સામે અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કર્યા બાદ આરોપીને સમન્સ કાઢવામાં આવતા આરોપી તેમના વિદ્વાન વકીલશ્રી મારફત અદાલતની રૂબરૂ ઉપસ્થિત થતા આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે આપ્યા બદલની ખાતરી કર્યા બાદ સદર ગુનો વોરંટ ટ્રાયેબલ હોય તે મુજબની કાર્યવાહી અપનાવવામાં આવેલ અને આરોપી સામે આંક–૩ થી તહોમતનામુ ફરમાવી, આરોપીનુ સ્ટેટમેન્ટ આંક–૪ થી લેતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલો, જેથી સદર કામ પુરાવા પર રહેલ.

## (૪) ફરીયાદપક્ષનો પુરાવો

ફરીયાદપક્ષ તરફે પોતાનાં કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે, જે નીચે મુજબ છે.

### મૌખીક પુરાવો

| ક્રમ | સાહેદ | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી દીલીપભાઈ નાનસંગભાઈ રાઠોડની જુબાની | ૧૧ |
| ૨ | સાહેદ રણજિતસિંહ નરસિંહ વાઘરીની જુબાની | ૧૩ |

### દસ્તાવેજી પુરાવો

| ક્રમ | દસ્તાવેજ | આંક |
|---|---|---|
| ૧ | અસલ ફરીયાદ | ૧૨ |
| ૨ | ડેપ્યુટ હુકમ | ૧૪ |

| | | |
|---|---|---|
| ૩ | અસલ ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૫ |
| ૪ | મેડીકલ સર્ટીફીકેટ | ૧૬ |
| ૫ | મેડીકલ સર્ટીફીકેટ | ૧૭ |
| ૬ | ઈન્જરી સર્ટીફીકેટ | ૧૮ |
| ૭ | ઈન્જરી સર્ટીફીકેટ | ૧૯ |
| ૮ | ગોત્રી હોસ્પિટલનો લેટર | ૨૦ |

આ સિવાય ફરીયાદપક્ષે વધુ કોઈ પુરાવો આપવો ન હોય, ફરીયાદપક્ષે આંક–૨૧ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

**(૫) બચાવપક્ષનો પુરાવો :–**

ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં આ કામે આરોપીનું બી.એન.એસ.એસ. ની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન લેવા જેટલો પુરાવો ન હોય, આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

**(૬) દલીલો :–**

સદર કામે ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી. વી. આર.પંચાલ તથા આરોપી તરફે વિ. વ. શ્રી જે.એ.મિસ્ત્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

**(૭)** આ કામે ઉભય પક્ષકારો તરફે કરવામાં આવેલ દલીલો, ફરીયાદ તથા રેકર્ડ ઉપર આવેલ પુરાવો વંચાણે લેતા હાલનાં કેસનાં નિર્ણય માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–: મુદ્દાઓ :–</u>**

**<u>મુદ્દા નં.૧</u>** :– શું ફરીયાદ પક્ષ એ હકિકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા. ૧૩/૧૨/૨૦૨૪ ના રોજ આ કામના ફરીયાદી તથા સાહેદ નરસિંહભાઈ મો.સા. નં.

જીજે–૧૬–સીએફ–૩૪૫૧ ની લઈ અમનપુર થી જંબુસર જતા હતા તે વખતે અમનપુર થી ધોળી પરબ રોડ ઉપર ઓએનજીસી ના પોઈન્ટ સામે રોડ ઉપર સાંજના આશરે કલાક ૧૯:૦૦ વાગ્યાના અરસામાં ધોળી પરબ તરફથી આવતા આઈસર ગાડી જેનો આર.ટી.ઓ. રજિ.નં. જીજે–૧૬–એવી–૧૧૩૩ ના ચાલક રમેશભાઈ છત્રસિંહ રાઉલજીનાએ પોતાના કબજામાંની આઈસર ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી આ કામના સાહેદની મોટર સાયકલ જેનો આર.ટી.ઓ. રજિ. નં. જીજે–૧૬–સીએફ–૩૪૫૧ નુ સ્ટીરીંગને અડફેટમાં લઈ મોટર સાયકલનુ કાબુ ગુમાવી આઈશર ગાડીના પાછળના ટાયર સાથે અડફેટમાં લઈ આ કામના ફરીયાદી તથા મોટર સાયકલના ચાલક સાહેદને નીચે પાડી દઈ ફરીયાદને ડાબા ખભે ફ્રેકચર કરી તથા મોટર સાયકલના ચાલક સાહેદ નરસિંહભાઈને જમણા પગે ઘુંટણ ભાગે તથા નળાના ભાગે તથા પંજાના ભાગે ફ્રેકચર કરી શરીરે નાની મોટી ઈજાઓ કરી, પોતાના આઈશર ગાડી લઈ નાશી જઈ, જેથી આરોપીએ બી.એન.એસ.ની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૮૭(આર/ડબલ્યુ), ૧૩૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો આરોપીએ કર્યો છે ?

**મુદ્દા નં.૨** :– શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

**–: નિર્ણયો :–**

**મુદ્દા નં. ૧** :– નકારમાં.

**મુદ્દા નં. ૨** :– આખરી હુકમ મુજબ

**–: કારણો :–**

**મુદ્દા નં.૧**

(૯) આ કામે ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં સૌપ્રથમ આ કામના ફરીયાદી દિલીપભાઈ નાનસંગભાઈ રાઠોડને આંક–૧૧ થી તપાસેલ છે, તેઓ તેમની

જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, લગભગ આજ થી દોઢ વર્ષ પહેલા સાંજના ગાળામાં તેઓ તથા તેમના મિત્ર નરસિંહભાઈ કાળાભાઈ વાઘરીનાઓ રોહિતભાઈ પરમારની મોટર સાયકલ લઈને જંબુસર ખાતે તેમની દીકરીની ખબર લેવા માટે જતા હોય તેઓ સાથે ગયેલા. સદર મોટર સાયકલ નરસિંહભાઈ ચલાવતા હતા અને તેઓ પાછળ બેસેલ હતા. તેઓ લગભગ અમનપુરથી આગળ ઓ.એન.જી.સી. પોઈન્ટ સુધી પહોંચેલા અને તે સમયે એક ટ્રક ગાડી સામેથી આવી રહેલ હતી અને ત્યારબાદ શું બનેલુ તે તેમને યાદ નથી, પરંતુ અકસ્માત થયેલુ અને તેઓ પડી ગયેલા. અકસ્માત થતા તેઓ અર્ધબેભાન અવસ્થામાં રોડ પર પડેલ હતા, નરસિંહભાઈને પણ શરીરે ઈજાઓ થયેલી. તેઓને ડાબા ખભા તથા પગના ઘુંટણના ભાગે ઈજાઓ થયેલી. નરસિંહભાઈને કયાં કયાં ઈજાઓ થયેલી તે તેમને યાદ નથી. તેઓ બંનેને કોઈ સારા માણસોએ એમ્બ્યુલન્સમાં જંબુસર સરકારી દવાખાને લઈ ગયેલા. ટ્રક કઈ કંપનીની હતી કે તેનો નંબર શું હતો તે તેમને થયેલ ઈજાઓના કારણે તેમનુ ધ્યાન ન હોય કહી શકે નહી. અચાનક બનેલી ઘટનાના કારણે તેનો ચાલક કોણ હતો તે પણ તેઓ જોઈ શકેલા નહી. જંબુસર સરકારી દવાખાને સારવારના ડોકટરે તેમને સારવાર આપીને રજા આપેલી. જયારે નરસિંહભાઈને વધારે ઈજાઓ હોવાનુ જણાવીને તેમને વડોદરા એસ.એસ.જી. હોસ્પિટલ, વડોદરા મુકામે લઈ ગયેલા. વાતો વાતોથી જાણવા મળેલુ કે તેમણ અમદાવાદની હોસ્પિટલમાં પણ ઓપરેશન કરાવેલુ. આ બનાવના કારણે તેમને ખભામાં વધુ દુખાવો હોય, તેમને ગોત્રી હોસ્પિટલમાં પણ સારવાર લેવા જવુ પડેલુ. બનાવ કોની ભુલ ને બેદરકારીના કારણે બનેલો તે તેઓ કહી શકે નહી, કારણ કે આ બનાવ ખુબ જ ઝડપી બની ગયેલો. તેઓએ બનાવ બાબતની વેડચ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી. તેમને પોલીસના પેપર્સ બતાવવમાં આવતા તે જોઈને તેઓ કહે છે કે, તે તે જ ફરીયાદ છે અને તેમાં તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. જે ફરીયાદ આંક–૧૨ થી રજુ રાખેલ છે. આરોપીને તેઓ જોયેથી ઓળખી શકે નહી. સદર ફરીયાદી ફરીયાદમાંની હકિકતોને સમર્થન આપતા ન હોય તેઓને વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે અને ત્યારબાદની

વિ. એ. પી. પી. શ્રીની વિગતવારની ઉલટતપાસમાં પણ તેઓએ ફરીયાદમાંની હકિકતોનો ઈન્કાર કરેલ છે.

ત્યારબાદ તેઓ આરોપીના વિ. વ. શ્રીની ઉલટતપાસમાં એ હકિકત કબુલ કરે છે કે, બનાવવાળી જગ્યા વાહનોનો અવર જવરવાળો રસ્તો છે, તેઓ એ હકીકત કબુલ રાખેલ છે કે, ગાડીના માલિક તેમના ગામના હોય, તેઓએ બનાવ સબંધી અકસ્માતનો ખર્ચ આપવાનો જે તે વખતે જણાવેલ પરંતુ તે સમયે ખર્ચ ન આપતા રીષ રાખીને તેઓને હાલની ફરીયાદ કરવી પડેલ છે, તેઓ એ હકીકત કબુલ રાખેલ છે કે, બનાવ કેવી રીતે બનેલો, કોનાથી અને કોની બેદરકારીથી બનેલો તેવી આજે તેમને કોઈપણ જાતની માહિતી નથી.

(૧૦) ત્યારબાદ, ફરીયાદપક્ષે સાહેદ રણજીતભાઈ નરસિંહભાઈ વાઘરીને આંક–૧૩ થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, લગભગ આજથી દોઢ વર્ષ પહેલા સાંજના સમયે તેઓ તેમના ઘરે હતા અને સાત વાગે તેમના ગામના દિલીપભાઈનો ફોન આવેલ તથા જણાવેલ કે, તેઓ અને તેમના પિતા નરસિંહભાઈ ધોળી પરબ થી અમનપુર વચ્ચે ઓ.એન.જી.સી. પોઈન્ટ પાસે મોટર સાયકલ લઈને જતા હતા ત્યારે તેઓને અકસ્માત થતા ઈજાઓ થયેલી અને એમ્બ્યુલન્સમાં તેઓને સરકારી દવાખાને લઈ જાય છે તેમ જાણતા તેઓ સરકારી દવાખાને ગયેલા. જયાં તેઓ બંનેની સારવાર ચાલુ હતી. તેમના પિતાને અકસ્માતમાં વધુ ઈજાઓ થયેલી હોય ડોકટરે તેઓને વડોદરા મુકામે એસ.એસ.જી હોસ્પિટલમાં લઈ જવાનુ જણાવતા તેઓને ત્યાં લઈ ગયેલા. ત્યારબાદ અમદાવાદની સિવીલ હોસ્પિટલમાં લઈ ગયેલા. તેમના પિતાને પગે વધુ ઈજા થયેલી. અમદાવાદ હોસ્પિટલમાં તેઓને લગભગ દશ દિવસ જેટલો સમય દાખલ રાખેલા અને ત્યારબાદ તેઓને રજા આપતા તેઓને પરત ઘરે લાવેલા. આ અકસ્માત કરનાર આઈશર ટેમ્પો હતો પણ તે ટેમ્પાનો નંબર શું હતો તે તેઓ જાણતા નથી. તેઓ ૯ ધોરણ પાસ છે. તેઓને થોડુ ઘણુ વાંચતા આવડે છે પણ ગાણિતિક તેમને ઓછી યાદ રહે છે. બનાવ બાબતની

દિલીપભાઈએ વેડચ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી. પોલીસે કાર્યવાહી કરેલી પરંતુ શું કાર્યવાહી કરેલી તે તેઓ જાણતા નથી. તેમના પિતા હાલમાં હયાત નથી તેમનુ એકાદ વર્ષ પહેલા ઉંમર લાયક હોવાના કારણે મૃત્યુ થયેલ છે.જેઓ આ કામે સાક્ષી છે. બનાવ કોની બેદરકારીના કારણે બનેલો જે તેઓએ જોયેલ ન હોય તે અંગે તેઓ કહી શકે નહી. આઈશર ટેમ્પાનો ચાલક કોણ હતો તે પણ તેઓ જાણતા નથી. તમેને વાતો વાતોથી જાણવા મળેલ કે, ટેમ્પાના માલિક તેમના ગામના નયનભાઈ હતા. પરંતુ ચાલક કોણ હતો તે જાણવાનો પ્રસંગ બનેલ નહી. નયનભાઈએ અકસ્માતમાં તેઓની વાહન હોય, ખર્ચ આપવાની વાત કરેલી. તે સિવાય વિશેષ તેઓ કંઈ જાણતા નથી. પોલીસે બનાવ બાબતે તેમનુ નિવેદન લીધેલુ.

સદર સાહેદ ફરીયાદમાંની હકિકતોને સમર્થન આપતા ન હોય તેઓને વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે અને ત્યારબાદની વિ. એ.પી.પી. શ્રીની વિગતવારની ઉલટતપાસમાં પણ તેઓએ ફરીયાદમાંની હકિકતોનો ઈન્કાર કરેલ છે.

ત્યારબાદ તેઓ આરોપીના વિ. વ. શ્રીની ઉલટતપાસમાં એ હકિકત કબુલ કરે છે કે, બનાવવાળી જગ્યા વાહનોનો અવર જવરવાળો રસ્તો છે, તેઓ એ હકીકત કબુલ રાખેલ છે કે, ગાડીના માલિક તેમના ગામના હોય, તેઓએ બનાવ સબંધી અકસ્માતનો ખર્ચ આપવાનો જે તે વખતે જણાવેલ પરંતુ તે સમયે ખર્ચ ન આપતા રીષ રાખીને તેઓને હાલની ફરીયાદ કરવી પડેલ છે, તેઓ એ હકીકત કબુલ રાખેલ છે કે, બનાવ કેવી રીતે બનેલો, કોનાથી અને કોની બેદરકારીથી બનેલો તેવી આજે તેમને કોઈપણ જાતની માહિતી નથી.

**(૧૧)** ઉપરોકત મુજબનાં રેકર્ડ ઉપરનાં પુરાવાની તથા વિ. વ. શ્રીઓની દલીલ સાથે ચર્ચા કરતા સૌ પ્રથમ ફરીયાદપક્ષે મુખ્યત્વે મોટર એકસીડન્ટનાં કેસમાં ગફલતભર્યુ અને બેદરકારીથી ડ્રાઈવિંગ કરવા બદલ દોષીત ઠરાવવા માટેનાં જે ધોરણો છે તેમાં સૌ પ્રથમ ફરીયાદપક્ષે એમ પુરવાર કરવું જોઈએ કે, આરોપી ડ્રાઈવરે બેદરકારીથી

અને ગફલતભરી રીતે પોતાનાં હવાલાવાળા વાહનનું ડ્રાઈવીંગ કરતો હતો. ફોજદારી કે ક્રિમીનલ બેદરકારીભર્યુ ડ્રાઈવીંગની બાબતનાં પુરાવાનાં અભાવે માત્ર એરર ઓફ જજમેન્ટનાં આધાર ઉપર આરોપીને ગફલતભર્યુ કે બેદરકારીથી ડ્રાઈવીંગ કરવા બદલ દોષીત ઠરાવી શકાય નહી.

આ બાબતમાં નામ. ઓરીસ્સા વડી અદાલતને ૧૯૯૪ ક્રિમીનલ લો–જનરલ, પાનાં નં. ૩૮૯ પર પ્રસિધ્ધ થયેલ બદ્રીપ્રસાદ તિવારી વિરૂધ્ધ સ્ટેટનાં કેસનાં ચુકાદામાં ઠરાવેલ છે કે,

(A) Penal Code (45 of 1860), S.279 – NEGLIGENCE – Rash and negligent driving – Offence under – Ingredients of rash and negligent driving on public road endangering human life or likely to cause injury, must be established – Mere carelessness of error of judgement, not sufficient – Accident resulting in death ailure of prosecution to prove rash and negligent driving of accused – Bare statement that vehicle was being driven in high shpped, not sufficient – Accused entitled for acquittal.

(B) વધુમાં એમ પણ ઠરાવેલ છે કે, "Section 279, IPC deals with rash and negligent driving of any vehicle or riding on a public way in a rash and negligent manner so as to endanger human life or likely to cause hurt or injury to any person. In order to constitute an offence under Section 279, IPC, it must be established that the accused was driving the vehicle on a public way in a rash and negligent manner to endanger human life or likely to cause hurt or injury to any other person. For the purpose of Section 279 rash and negligence may be described as criminal rashness or criminal negligence. It must be more than mere carelessness of error of judgement. The essential ingredients of Section 279 are :

- Rash and negligent driving or riding on a public way.
- The act must be such as to endanger human life or likely to cause hurt or injury to any person.

**(૧૨)** ઉપરોકત મુજબની કાયદાકીય પરીસ્થિતી તથા કલમોમાં જણાવેલ ગુનાહિત તત્વોને ધ્યાને લેઈ ફરીયાદપક્ષ તરફે ઉપરોકત વિગતોએ ફરીયાદી તથા સાહેદે સોગંદ ઉપર જુબાની આપેલ છે તેનું ઝીણવટભરી રીતે મૂલ્યાંકન કરવામાં આવે તો, અહી ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ ફરીયાદી પોતાની **આંક-૧૧** ની જુબાનીમાં ફરીયાદની હકિકતોને તથા સાહેદ પોતાની **આંક-૧૩** ની જુબાનીમાં નિવેદનની હકિકતોને સંપુર્ણ સમર્થન કરતા નથી અને ફરી ગયેલા જાહેર થયેલ છે. ફરીયાદી તથા સાહેદ પોતાની સરતપાસમાં અકસ્માત થયેલાની અને અકસ્માતમાં ઈજા થયેલાની હકિકત જણાવેલ છે, પરંતુ અકસ્માતમાં સંડોવાયેલ વાહનનો નંબર, ચાલક કે ગતી બાબતે કોઈ હકિકત જણાવેલ નથી. વધુમાં ઈજા પામનાર ફરીયાદી તથા સાહેદે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં કબુલ કરે છે કે, બનાવ કેવી રીતે બન્યો તે તેમને ખબર નથી. આમ, ઈજા પામનાર ફરીયાદી તથા સાહેદની જુબાનીનાં આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. વધુમાં બચાવપક્ષની સંમતિથી ગુનાવાળી જગ્યાનું પંચનામું **આંક-૧૫** થી તથા ફરીયાદી તથા સાહેદનાં સારવાર સર્ટી.ઓ **આંક-૧૬ અને ૧૭** તથા ઈન્જરી સર્ટીફીકેટ **આંક-૧૮ અને ૧૯** થી રજુ થયેલ છે, પરંતુ સદર દસ્તાવેજી પુરાવા સાથે મૌખીક પુરાવા ધ્યાને લેતાં તેના આધારે પણ હાલના આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી. આ દસ્તાવેજી પુરાવાની હકિકતોનો સ્વીકાર કરવામાં આવે તો પણ વધુમાં વધુ બનાવવાળી જગ્યાએ બનાવ બનેલ હોવાનું અને ફરીયાદી અને સાહેદને મેડીકલ પ્રમાણપત્રમાં જણાવ્યા મુજબની ઈજાઓ થયેલ હોવાનું જણાઈ આવે છે, પરંતુ ખરેખર શું બનાવ બનેલો તે હકિકત જયારે રેકર્ડ ઉપર આવતી ન હોય ત્યારે આ દસ્તાવેજી પુરાવો ફરીયાદપક્ષને મદદકર્તા નથી. આમ, ઉકત તપાસેલ સાહેદોનાં પુરાવાથી અકસ્માત થયેલાની હકિકત જણાય આવે છે, પરંતુ અકસ્માતમાં સંડોવાયેલ વાહનનો નંબર, ચાલક કે વાહનની ગતી બાબતે કોઈ હકિકત જણાવેલ નથી. તેમજ અકસ્માતમાં ફરીયાદીને મોટર સાયકલને કેટલું નુકસાન થયેલ તેવી કોઈ જ હકિકત પણ રેકર્ડ ઉપર આવતી નથી. આમ, રેકર્ડ ઉપરનો તમામ પુરાવો એક સાથે જોવામાં આવે તો બનાવ સમયે અને સ્થળે અકસ્માત થયેલાનું અને અકસ્માતમાં ફરીયાદી

તથા સાહેદને ઈજા થયેલાનું ફરીયાદપક્ષે પુરવાર કરેલ છે, પરંતુ સદર અકસ્માત સમયે અકસ્માતમાં સંડોવાયેલ વાહનની ગતી શું હતી અને કોની કસુરનાં કારણે અકસ્માત થયેલ તે તથા અકસ્માતમાં સંડોવાયેલ વાહનની માલીકી કે કબજા બાબતનો પણ કોઈ આધાર રજુ થયેલ નથી ત્યારે અકસ્માત સમયે હાલનાં આરોપીએ અકસ્માતમાં સંડોવાયેલ પોતાનાં કબજા હવાલાવાળુ વાહન પુરઝડપે, ગફલતભરી રીતે અને બેદરકારીપૂર્વક હંકારવાનાં કારણે અકસ્માત કરેલ હોવાની હકિકત ફરીયાદપક્ષ શંકાથી પર પુરવાર કરી શકેલ નથી. વધુમાં આ કામે ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવો ધ્યાને લેતા અકસ્માતમાં ઈજા પામનાર સાહેદ એવા નરસિંહભાઈ કાળાભાઈ વાઘરીને આ કામે તપાસવામાં આવેલા નથી અને તેના કારણમાં તેઓ એકાદ વર્ષ પહેલા મરણ ગયેલ હોય, નામ. કોર્ટમાં આવી જુબાની આપી શકેલ નથી. આમ, આ કામે મહત્વના સાહેદનો પુરાવો રેકર્ડ પર ઉપલબ્ધ કરી શકાયેલ નથી.

(૧૩) આમ, ઉપરોકત કરેલ વિગતવાર ચર્ચા તથા જણાવેલ કારણોસર ફરીયાદપક્ષે હાલનાં ગુનાનાં કામે મુખ્ય આવશ્યક તત્વો પુરવાર કરી શકેલ નથી તથા બનાવ સમયે, સ્થળે અને વિગતે હાલનાં આરોપીએ પોતાનાં કબજા ભોગવટાનું વાહન પુરઝડપે ગફલતભરી રીતે અને બેદરકારીપૂર્વક હંકારી લાવી ફરીયાદીની મોટર સાયકલ સાથે અથડાવી દઈ ફરીયાદી તથા સાહેદને ઈજા પહોંચાડેલ હોવાની અને ફરીયાદીની મોટર સાયકલને નુકસાન કરેલ હોવાની હકિકત શંકાથી પર પુરવાર થતી નથી તે સંજોગોમાં આ કામે ફરીયાદપક્ષે અન્ય સાહેદોને તપાસવામાં આવે અને તેઓ ફરીયાદપક્ષનાં કેસને સંપૂર્ણ સમર્થન કરે તો પણ ફરીયાદપક્ષનાં મુખ્ય સાહેદોનાં સોગંદ ઉપરનાં પુરાવાનાં વિરોધાભાષને કારણે ફરીયાદપક્ષનાં કેસ પ્રત્યે શંકા ઉત્પન્ન થાય તેમ છે અને ક્રિમિનલ જયુરીસપ્રુડન્સના પાયાનાં સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર સાબિત કરવાનો હોય છે અને આરોપીએ પોતે નિર્દોષ છે તે પુરવાર કરવાનું નથી અને જયાં શંકા જાય તેમ હોય ત્યાં આરોપીને લાભ મળવા પાત્ર છે તે ધ્યાને લેતા અન્ય સાહેદોને તપાસવામાં આવે અને ફરીયાદપક્ષનાં કેસને સંપૂર્ણપણે સમર્થન કરે તો

પણ ફરીયાદપક્ષનાં કેસનાં ગુણદોષમાં કોઈ ફેર પડે તેમ ન હોય તે સાહેદોને તપાસવામાં આવેલ નથી. આમ, ફરીયાદપક્ષ પોતાનો કેસ શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ નિવળેલ હોય તે રીતે મુદ્દા નં. ૧ નો જવાબ ''નકારમાં'' ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુ ક મ ::–</u>**

(૧) આ કામનાં આરોપી **રમેશભાઈ છત્રસિંહ રાઉલજી,** ઉ.વ. ૪૩, ધંધો–ખેતી, રહે. સારોદ દરબાદ ટેકરો, તા. જંબુસર, જિ. ભરૂચનાઓ ને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧ અન્વયે બી.એન.એસ.ની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૮૭(આર/ડબલ્યુ), ૧૩૪ મુજબનાં ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ અન્વયે આરોપીના જામીન તથા જાત મુચકરો અપીલના સમયે માટે લંબાવી આપવા અથવા જો જામીનદાર ઉપલબ્ધ ન હોય તો આરોપીએ અપીલના સમય માટે રૂા. ૫,૦૦૦/– નાં નવા જામીન તથા એટલી જ રકમનો જાત મુચરકો આપવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ **તારીખ : ૦૨ જી, માહે : એપ્રિલ, સને : ૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વર્ચ્યુઅલી જાહેર કર્યો.

| | |
|---|---|
| તા. ૦૨/૦૪/૨૦૨૬<br>સ્થળ : જંબુસર | **( એ. ડી. રાવ )**<br>એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, જંબુસર.<br>કોડ નં. જી.જે. ૦૧૪૮૦ |